ગાંધીનગર સમાચાર

વંદેમાતરમ્
"ગણતંત્ર દિવસ ની હાર્દિક શુભ કામના"

# આજે શહેર ગણતંત્ર દિને દેશભકિતના રંગે રંગાશે

## પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે શહેરમાં વિશેષ આયોજનો : વહેલી સવારે ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ખાતેથી યુથરન યોજાશે : ઠેર ઠેર ધ્વજવંદન અને સાંસ્કૃતિક દેશ ભકિતના કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં આવતીકાલે ભારતના ૬૭માં પ્રજાસત્તાક દિનની ભારે હર્ષોલ્લાસપૂર્ણ માહોલમાં ભવ્ય ઉજવણી કરાશે. શહેરની તમામ શાળા-કોલેજો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા રાજકીય પક્ષો દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં ગણતંત્ર દિવસ નિમિત્તે ધ્વજવંદન સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નગરજનો પણ ઉત્સાહપૂર્વક સામેલ થશે. વહેલી સવારે ૬.૩૦ કલાકે શહેરના ઈન્ફોસીટી વિસ્તારમાં ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટયૂટ ખાતેથી યુથરન યોજાશે જે ગાંધીનગરના ઘ માર્ગ પર પથિકાશ્રમ સર્કલ થઈ પ્રારંભ સ્થળે પરત ફરશે. આવતીકાલે સમગ્ર નગર દેશભકિતના રંગે રંગાઈ જશે.

સમગ્ર ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી પ્રજાસત્તાક દિનની ઉજવણીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. શહેરના માર્ગો પર તથા મુખ્ય સર્કલોને અને મહત્વની ઈમારતોને રોશનીથી શણગારવામાં આવી છે. શહેરના સર્કલો પર ફેરીયાઓ ત્રિરંગા તથા રાષ્ટ્રધ્વજના રંગો સાથેના ભારતના નકશા સાથેના સ્ટીકરો અને તે પ્રકારની અન્ય સામગ્રી વેચતા નજરે ચઢી રહ્યાં છે. ગાંધીનગરની તમામ શાળાઓમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી માટેના કાર્યક્રમના રીહર્સલ કરાયા હતા. આ સાથે સે-૧૧ના રામકથા મેદાન ખાતે પણ ધ્વજવંદન તથા ગણતંત્ર દિનની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરાયું છે તેનું રીહર્સલ પણ યોજાયું હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરમાં આ વર્ષે પ્રથમ વાર ગણતંત્ર દિવસની પ્રભાતે ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલ ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી દ્વારા 'યુથ રન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે શહેરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણીના કાર્યક્રમોની હારમાળા ચાલુ થઈ જશે. વિવિધ રાજકીય પક્ષો દ્વારા પણ પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમોનું આયોજન કરાયું છે. કોંગ્રેસ પક્ષ દ્વારા સે-૨૨ ખાતેના કાર્યાલયે સવારે ૭ કલાકે ધ્વજવંદન યોજાશે. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ સહિત અગ્રણી કાર્યકરો ઉપસ્થિત રહેશે. શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ ગણતંત્ર દિનની ઉજવણી કરવામાં આવનાર છે. રોટરી કલબ દ્વારા સે-૧૩માં 'બાલ સંરક્ષણ ગૃહ' ખાતે સવારે ૮.૩૦ કલાકે ધ્વજવંદન તથા અન્ય કાર્યક્રમ હાથ ધરાશે. ગાંધીનગરની જનરલ સિવિલ હોસ્પિટલ ખાતે સવારે ૮.૩૦ કલાકે ડીન ડૉ. અરૂણ વ્યાસના હસ્તે ધ્વજવંદન યોજાશે. જેમાં તમામ તબીબો અને નર્સીંગ સ્ટાફ ઉપસ્થિત રહેશે. પાટનગર ફ્રેન્ડસ કલબ દ્વારા શહેરના સે-૩-એ ન્યુ ખાતેના બગીચામાં સવારે ૯.૩૦ કલાકે ધ્વજવંદન સહિત વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આમ નગરમાં અનેક ઠેકાણે પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે વિશેષ આયોજનો કરાયા છે જેમાં ધ્વજવંદન સાથે સાંસ્કૃતિક અને દેશકિતના કાર્યક્રમો યોજાનાર છે. પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં સમગ્ર ગાંધીનગર દેશભકિતના રંગમાં રંગાઈ જશે.

## @ગાંધીનગર

- ગાંધીનગર તાલુકા કક્ષાનો ધ્વજવંદન સમારંભ સવારે ૯ કલાકે સે-૧૧, રામકથા મેદાન ખાતે યોજાશે.
- ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ખાતેથી સવારે ૬.૩૦ કલાકે યુથરન યોજાશે.
- રંગ અવધૂત પરિવાર દ્વારા મંગળવારના રોજ બપોરે ૪ કલાકે સે-૨૮ દત્તમંદિર ખાતે રંગ અવધૂત મહારાજશ્રીની માતાજીની મૂર્તિના અનાવરણ વિધિના ૨૫ વર્ષ પૂર્ણ થતા મા રુકમામ્બા સપ્તસતિ પારાયણ યોજાશે.
- ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અને શહેર કોંગ્રેસ સમિતિના સંયુકત ઉપક્રમે સવારે ૭ કલાકે સે-૨૨, કોંગ્રેસ કાર્યાલય ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.
- સે-૩-ડી સાંઈબાબા મંદિર ખાતે સવારે ૧૧ કલાકે ચિત્ર સ્પર્ધા યોજાશે.
- સિવિલ હોસ્પિટલના કેમ્પસ ખાતે સવારે ૮.૩૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.
- પ્રેરણા સ્કૂલ ખાતે સવારે ૮.૦૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.
- સે-૧૬ સિધ્ધાર્થ લૉ કોલેજ ખાતે સવારે ૯ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.
- સે-૬ સરકારી પ્રાથમિક શાળા ખાતે સવારે ૮ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.
- સે-૧૫ સ્થિત યુથ હોસ્ટેલ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.
- મૂલ્ય નિવાસી સંઘ દ્વારા મંગળવારના રોજ ભારતીય બંધારણની જાગૃતિ અંતર્ગત જ્ઞાનવર્ધક કસોટીની સ્પર્ધા યોજાશે.

**- નજાહખાનમ સૈયદ**

## વાતવાતમાં

- ઈન્ફોસીટી ખાતે એસબીઆઈના ઈ-કેર યુનિટના કેશ ડીપોઝીટ મશીનમાં ખામી સર્જાતા અનેક ગ્રાહકો દ્વારા ખાતામાં નાણા ભરવાનો પ્રયાસ કરતા નોટો વચ્ચેથી ફાટી જવા પામી હતી. જો કે આ બાબતની રજૂઆત બાજુમાં જ આવેલ બેંકની શાખામાં કરાતા તુરંત કપાયેલી નોટો બદલીને નવી આપી દેવાતી હતી.
- ગાંધીનગરમાં ઈન્ટરનેશનલ યુથ એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ જુદા જુદા દેશોમાંથી આવેલા યુવોનોનું એક ડેલીગેશન મંગળવારે અક્ષરધામની મુલાકાતે આવનાર છે. યુથ એકસચેન્જ કાર્યક્રમનો હેતુ અન્ય દેશની સંસ્કૃતિને સમજવાનો હોય છે.
- ગાંધીનગરના યુવાન ઈકોનોમિસ્ટ અને લેખક જયમિન શુકલા દ્વારા ઓનલાઈન બુક 'સ્ટોરી ઓફ રોમાન્સ ઈન અમદાવાદ'ને વિક્રમજનક પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આ બુકને વિશ્વના ૭૩ દેશોમાં વાંચવામાં આવી છે.
- નગરમાં ૬૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે શાળા કોલજોમાં વિવિધ સાંસ્કૃતિક અને દેશભકિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. છેલ્લા અઠવાડિયામાં આ કાર્યક્રમોમાં ભાગ લેનાર બાળકો તેના રિહર્સલમાં વ્યસ્ત રહેવા પામ્યા છે.
- શહેરમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે જેના પગલે સાંજે ૮ વાગ્યા પછી નગરના માર્ગો સુમસામ બની જવા પામે છે. આગામી દિવસોમાં ઠંડી હજુ વધુ પડશે તેવી શકયતાએ વધુ ધ્રુજારો પેદા કર્યો છે.

**- સમીર રામી,**
**મો. ૯૯૨૪૪૪૬૬૪૫**

# ગાંધીનગરના પાંચ પોલીસકર્મીઓને રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક એનાયત

ગાંધીનગર, તા. ૨૫

૨૬ જાન્યુઆરી પર્વે દેશના રાષ્ટ્રપતિ દ્વારા ગુજરાત રાજ્ય પોલીસ દળના કુલ-૧૮ પોલીસ અધિકારીઓ તથા જવાનોના નામની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગરના પાંચ અધિકારી જવાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.



ગુજરાત રાજ્ય પોલીસમાં ફરજ બજાવતા પોલીસ અધિકારી તથા જવાનોને પોતાની વિશિષ્ટ સેવા-પ્રસશનીય સેવા મામલે રાષ્ટ્રપતિ દ્વારા પોલીસ ચંદ્રકો આજરોજ રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા. ગાંધીનગર પોલીસ ભવનમાં ફરજ બજાવતા પોલીસ આઈજીપી મનોજ અગ્રવાલ, આઈઓ આઈબી આર.કે. મકવાણા, એસીઆઈ આઈબી ગાંધીનગરના ડી.એસ. વાઘેલા, સી.આઈ.ડી. ક્રાઈમના ડીવાયએસપી જે.જી. સૈયદ અને કરાઈ પોલીસ અકાદમીના એડીઆઈ મુકેશદાન ગઢવીનો સમાવેશ થાય છે. આ પ્રસંગે રાજ્ય પોલીસ વડા પી.સી. ઠાકુરે અધિકારી જવાનોને અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરના ૪ હોમગાર્ડઝ જવાનોને મુખ્યમંત્રી ચંદ્રકો આપાશે

ગાંધીનગર, તા. ૨૫

૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ દળના ચાર જવાનોને પોતાની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ મુખ્યમંત્રી દ્વારા ચંદ્રકો એનાયત કરવામાં આવશે. આ પોલીસ કર્મીઓમાં ગાંધીનગર યુનિટના સેક્શન લીડર રામભાઈ મોતીભાઈ રાઠોડ, કલોલ યુનિટના સેકશન લીડર વિષ્ણુભાઈ ચૌહાણ, ડભોડા સબ યુનિટના પ્લાટુન કમાન્ડર કાન્તીલાલ ડાભી અને ગાંધીનગર યુનિટના પ્લાટુન કમાન્ડર ગોવિંદભાઈ પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# સ્વામીનારાયણ ગુરુકુળ ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૨૫

શ્રી હરિ ઈન્ટર નેશનલ પબ્લીક સ્કૂલ અને શ્રી સ્વામીનારાયણ શાળા સેકટર -૨૩ ગાંધીનગર ખાતે તાજેતરમાં ગણિત -વિજ્ઞાનનું પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનમાં બન્ને શાળાના કુલ ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ગણિત અને વિજ્ઞાન વિષયો પર આધારીત ૧૦૦ થી વધુ પ્રોજેકટ રજુ કર્યા હતા.આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ ઉપસ્થિત રહીને પ્રદર્શન નિહાળ્યું હતું.



ગાંધીનગર શહેરની શૈક્ષણીક સંસ્થા શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ સેકટર -૨૩ ખાતે તાજેતરમાં શ્રી હરિ ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ અને સ્વામીનારાયણ શાળાના વિદ્યાર્થીઓનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનમાં વિજ્ઞાનના વિવિધ સિધ્ધાંતો તેમજ આજના સમયની સૌથી મોટી સમસ્યા ગ્લોબલ વોર્મિંગ, સોલાર એનર્જી સહિત સમાજ ઉપયોગી વિષયો અને વૈદિક ગણિત આધારીત મોડેલો વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા. બંન્ને શાળાના મળીને કુલ ૩૦૦ વિદ્યાર્થીઓએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ઉત્સાહભેર જોડાયા હતા અને પોતાની ૧૦૦ કૃતિઓ રજુ કરી હતી. આ પ્રદર્શનમાં દરેક વિદ્યાર્થીએ પ્રોજેકટની મુલાકાતે આવનાર વાલીને તેમના મોડેલની સમજૂતી તેમજ વૈજ્ઞાનિક સિધ્ધાંતોની સમજૂતિ આપી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત શાળાના ટ્રસ્ટી શાસ્ત્રી રામકૃષ્ણ સ્વામીજીએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનના સફળ આયોજન માટે શાળાના આચાર્ય ઉમંગભાઈ વસાણી, શિક્ષકો, તેમજ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## કિસાનનગરમાં અધુરા રહેલા કામો સામે આક્રોશ

ગાંધીનગર, તા. ૨૫

સેકટર-૨૬ કિસાનનગરમાં અધુરા રહેલા રોડને આર.સી.સી. બનાવતા વચ્ચે આવતા ગટરના મેનહોલ અડધાથી એક ફૂટ નીચે ઉતરી જવા પામ્યા છે. મેન હોલ ન ઉપાડતાં કોન્ટ્રાકટરે મેનહોલનું કામ છોડી દીધું હતું. મેનહોલનું જેટલું કામ કર્યું છે તે બરાબર થયું નથી એટલે કે નબળું કામ કરેલ છે. વસાહતીઓ દ્વારા રજુઆત થતાં અધિકારીએ મનસ્વી રીતે કામ બંધ કરાવેલ છે.

વધુ આર.સી.સી.ના કામમાં પણ બે નાના ટુકડાવાળા કામો પ્લોટ નં. ૫૦/૧ થી ૫૮/૨ અને ૫૯/૧ થી ૬૩/૨ સુધીનું કામ અધુરું રાખેલ છે. કોન્ટ્રાકટર બજેટ પુરું થયેલ છે તે બહાના બતાવી કામ અધુરું મુકી ચાલ્યા ગયા છે.આ અધુરા કામો માટે સંબંધિત અધિકારીઓ મૌખિક તેમજ લેખિત રજુઆતો કરેલ છે. પરંતુ કોઈ સાંભળતું નથી. વસાહતીઓને આંદોલન કરવાની ફરજ પડશે તેમ સેકટર-૨૬ કિસાનનગર વસાહત મંડળના પ્રમુખ પ્રો. ડાહ્યાભાઈ પટેલે જણાવેલ છે.

## પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ : ૬૭ વર્ષનું પ્રજાસત્તાક ભારત

ભારત ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ના દિવસે આઝાદ થયો અને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના પ્રભાતે બંધારણના દસ્તાવેજથી ભારત પ્રજાસત્તાક બન્યો. પ્યારેલાલ લિખિત 'મહાત્મા ગાંધી પૂર્ણાહુતિ' પુસ્તકમાં ગાંધીજીના સ્વપ્નના પ્રજાસત્તાક ભારતનું ચિત્ર મળે છે. તેઓ દૃઢ પણે માનતા કે ભારત ગામડામાં વસે છે અને કૃષિપ્રધાન દેશ છે. એટલે ગામડાને સ્વાયત્ત બનાવવા જોઈએ કે એનો અર્થ એ કે ખેતી અને ગામડામાં પ્રજાની સાચી સત્તા સમાયેલી છે.સાચુ પ્રજાસત્તાક પ્રથમ ગામડુ હોવું જોઈએ. આજે ગામડુ અને ખેડૂતની એટલે કે ખેતીની હાલત વિશેષ ટીકા ટીપ્પણ જરૂરી નથી સહુ જાણે છે! વહીવટ પાંગળો બની જાય એવડા મોટા શહેરી વિસ્તારોની સરખામણીમાં ગામડા સ્વાયત્ત થાય એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. ગામડા સ્માર્ટ હશે તો શહેરો આપોઆપ સ્માર્ટ થશે જ!




**- સનતકુમાર ભટ્ટ**

## જાખોરાના યુવકનો ઝેરી દવા પી આપઘાત

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીકના જાખોરા ગામે સાંજના સુમારે દશાડાના ધારાસભ્ય પૂનમ મકવાણાના ૩૫ વર્ષીય ભત્રીજા પ્રવીણ મોહનભાઈ મકવાણાએ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આ ઘટનાની જાણ પરિવારજનોને થતા તુરંત તેને સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો જયાં ફરજ પરના તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો. આ મામલે તબીબે પોલીસને જાણ કરતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. જેની તપાસ જમાદાર મહેન્દ્રસિંહ જશવંતસિંહ ચલાવી રહ્યા છે અને આત્મહત્યા પાછળનું સાચું કારણ શોધવા તપાસને વેગ આપી છે.

# સોનરડા પાસેથી દારૂ ભરેલી સ્કોર્પીયો કાર ઝડપાઈ

## પોલીસે રૂ. ૬.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીકના સોનરડા-વિરા તલાવડી માર્ગ પરથી ડભોડા પોલીસની ટીમે બાતમીના આધારે વિદેશી દારૂનો જથ્થો ભરેલી સ્કોર્પીયો કાર ઝડપી પાડી હતી અને ૬ લાખથી વધારેના મુદ્દામાલ સાથે ગાડીના ચાલક આરોપીની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના બુટલેગર રાજુ ગેડ અને વિકીએ રાજસ્થાનથી દારૂનો જથ્થો મંગાવ્યો હતો જે દારૂનો જથ્થો લઈ બળવંત રણજીત રાજપૂત (મૂળ રહે. જાંસોર રાજસ્થાન) રાજસ્થાનથી સ્કોર્પીયો ગાડી નં. જીજે-૧૬-બીબી-૮૭૦૫ લઈ અમદાવાદ તરફ જઈ રહ્યો હતો જે બાતમીના આધારે ડભોડા પોલીસે સોનરડાથી વિરા તલાવડી માર્ગ પર ગાડી અટકાવી તેની તપાસ કરતા ૪૮૮ બોટલ વિદેશી દારૂ કિં. રૂ. ૧,૫૩,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો અને બે મોબાઈલ - રૂ. ૯૦૦ રોકડ અને રૂ. પાંચ લાખની કાર મળી કુલ રૂ. ૬.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પુછપરછ દરમિયાન વિષ્ણુ બિશ્નોઈ રાજસ્થાનના દારૂના વેપારી પાસેથી દારૂ લઈ અમદાવાદ આવ્યો હતો.

આ મામલે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. પી.જે. સોલંકી ચલાવી રહ્યા છે.

## ખેલ મહાકુંભની તાલુકા એથ્લેટીકસ સ્પર્ધામાં લીંબોદરા સ્કૂલનો ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા. ૨૫

તાલુકા કક્ષાની ખેલ મહાકુંભ એથ્લેટીકસ સ્પર્ધા છત્રાલ ખાતે યોજાઈ હતી.જેમાં પી.પી.આર. શાહ હાઈસ્કૂલ લીંબોદરાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ દ્વારા શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળાના ત્રણ વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષા માટે પસંદ પામ્યા હતા. અન્ડર ૧૩ વિભાગમાં લાંબીકૂદમાં દિવ્યા રાઠોડ, ગોળાફેંકમાં દિશા બહોલા તેમજ ૨૦૦ મીટર દોડમાં સિધ્ધરાજ રાવળે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

જયારે ૧૦૦ મીટર દોડમાં વીરેન્દ્ર વાઘેલા અને હીના ઠાકોર અને ઊચીકૂદમાં અનિલ મહીડાએ બીજું સ્થાન પ્રાપ્ત કર્યુંહતું. લાંબી કૂદમાં સૌરભ રાણા તથા ગોળા ફેંકમાં હર્ષ વાઘેલાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તમામ વિદ્યાર્થીઓને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. વિજેતા ખેલાડીઓને આચાર્ય તેજસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા.

# સાંજે પોઈન્ટની બસો ગોઠવાતા અન્ય મુસાફરોની હાલત કફોડી

## અમદાવાદ જવા બસ ન મળતાં મુસાફરોનો દયનીય રઝળપાટ, ખાનગી વાહનચાલકોને સાંજે તડાકો, ઘ-૬ તથા ડેપોમાંથી વધારાની બસો મુકવા પ્રચંડ માંગ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સચિવાલયમાં નોકરી કરતા કર્મચારીઓ માટે તંત્ર એ અમદાવાદ જવા-આવવા સ્પેશ્યલ એસ.ટી. બસોનું આયોજન કર્યું છે. સવારે અને સાંજે સચિવાલય આગળ એસ.ટી. બસોનો મેળો જામે છે જો કે ગાંધીનગર વિભાગ દ્વારા થયેલા આ આયોજનથી અન્ય મુસાફરોને અમદાવાદ તરફ જવા રીતસર સાંજના સમયે રઝળપાટ કરવો પડે છે અને ખાનગી વાહનચાલકોની દાદાગીરી સહન કરીને મજબૂરીથી મુસાફરી કરવી પડે છે. જેથી સાંજના સમયે ઘ-૬ તથા ડેપોમાંથી અમદાવાદ તરફ જવા માટે વધારાની બસો મુકવા મુસાફરોએ માંગ કરી છે.

અમદાવાદથી ગાંધીનગર સચિવાલયમાં નોકરીએ આવતાં કર્મચારીઓને આવવા જવામાં સુલભતા રહે અને સમય સચવાય તેવા શુભ હેતુથી તંત્રએ એસ.ટી. બસોની સમય મુજબ વ્યવસ્થા કરેલી છે. આ વ્યવસ્થાના કારણે સાંજના સમયે ગાંધીનગરથી અમદાવાદ જવા માગતા અન્ય મુસાફરોને તમામ બસો સચિવાલય પોઈન્ટમાં ગોઠવાઈ જતાં બીજી કોઈ બસ ઉપલબ્ધ બનતી નથી જેથી ઘ-૬, ઘ-૫ કે અન્ય સ્ટેન્ડ અને ડેપોમાં અસંખ્ય મુસાફરોએ બસની રાહ જોઈને આખરે રઝળપાટ કરવો પડે છે તેમજ ફરજીયાત અને ન છુટકે ખાનગી વાહનોનો આશરો લેવો પડે છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

સાંજના સમયે એસ.ટી. ડેપો નજીકથી ખાનગી વાહનચાલકોને તડાકો પડી જાય છે અને દાદાગીરી સાથે બકરા ઘેટાંની જેમ મુસાફરોને ભરીને લઈ જાય છે અને મુસાફરો પણ મજબૂરીથી સહન કરી લે છે એસ.ટી.તંત્રના અધિકારી દ્વારા આ અંગે વ્યકિતગત સર્વે કરવામાં આવે તો પણ આ નગ્ન હકીકત ઉજાગર થાય તેમ છે. ગાંધીનગરથી અમદાવાદ વચ્ચે જાહેર પરિવહન માટેની થતી મસ મોટી જાહેરાતોનો અહીં છેદ ઉડતો રહ્યો છે. વધુમાં ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ખુબ જ મોટા પાયે મુસાફરોની આવન-જાવન રહે છે તેમજ ગાંધીનગર અને ખાનગી કચેરીમાં નોકરી કરતાં કર્મચારીઓની સંખ્યા પણ બહુ મોટી છે. જેથી સાંજના સમયે અમદાવાદ તરફ જવા માટે એસ.ટી.તંત્ર વધુ બસો ફાળવે તેવી મુસાફરોની માંગ છે. વાહન વ્યવહાર મંત્રી વિજયભાઈ રૂપાણીના એસ.ટી. મુસાફરલક્ષી બને તેવા પ્રયાસો સર્વત્ર સરાહનીય બન્યા છે ત્યારે આ બાબતેનું તેમનું વલણ મુસાફરો માટે રાહત આપનારું બની રહેશે તેવું મુસાફરો જણાવી રહ્યા છે.

## દિવ્ય જીવન સંઘ દ્વારા ૨૮મીએ જાહેર વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૫

પ.પૂ. બ્રહ્મલીન ચિદાનંદજી મહારાજની જન્મ શતાબ્દી નિમિત્તે દિવ્ય જીવન સંઘ શિવાનંદ આશ્રમ ઋષિકેશથી અખિલ ભારતની યાત્રા આધ્યાત્મિક પ્રસાર માટે નીકળી છે. જે તા. ૨૮મી જાન્યુઆરીના રોજ ગાંધીનગરમાં પધારશે. આ યાત્રાની મંડળીમાં યોગાચાર્ય સ્વામી શ્રી ધર્મનિષ્ઠાનંદજી ઉપરાંત બીજા બે સંતો છે. સ્વામી ધર્મનિષ્ઠાનંદજી છેલ્લા ૧૫ વર્ષથી દર વર્ષે ગાંધીનગરમાં યોગ તાલીમ શિબિરનું સંચાલન કરે છે. યાત્રા આગમન નિમિત્તે દિવ્ય જીવનસંઘ ગાંધીનગરના ઉપક્રમે સવારે ૧૧ વાગે સદગુરૂ સ્વામી શિવાનંદજી મહારાજની પાકુદાનું પૂજન ૨૦૫ આનંદનગર સેકટર-૧૭માં થશે. સાંજે ગાયત્રી શકિતપીઠ સેકટર-૧માં જાહેર વ્યાખ્યાન યોગાચાર્ય સ્વામીશ્રી ધર્મનિષ્ઠાનંદજી મહારાજ, સ્વામી શ્રી શિવ ચિદાનંદજી મહારાજ આપશે.

## ચિરવિદાય

- સ્વ. ભગવતીબેન ગોવિંદભાઈ જયસ્વાલ, ઉ.વ.૪૦
- સ્વ. ઉર્મિલાબેન ચંદુલાલ જયસ્વાલ , ઉ.વ.૮૨
- સ્વ. શાંતાબેન સોમાભાઈ શાહ, ઉ.વ.૮૬